# મતદારો 32.88 લાખથી ઘટીને 24.76 લાખ પણ નામ કપાયાની કોઈ ફરિયાદ નહીં

**મનપાની અંતિમ યાદી બુધવારે, જાહેર થશે માત્ર 20 વાંધા મળતાં આશ્ચર્ય**

સુરતઃ મહાનગરપાલિકાની આવનારી ચૂંટણીને લઈ તંત્રે તૈયારીને અંતિમ ચરણમાં પહોંચાડી છે. ચૂંટણી જાહેર થવાની અટકળો વચ્ચે પાલિકા દ્વારા અંતિમ મતદાર યાદી આવતી કાલે બુધવારે પ્રસિદ્ધ કરવામાં આવશે.

ગત 23 માર્ચે પ્રાથમિક મતદાર યાદી જાહેર કર્યા બાદ નાગરિકો પાસેથી વાંધા-સૂચનો મંગાવવામાં આવ્યાં હતાં. પરંતુ માત્ર 20 જેટલા જ વાંધા મળતાં તંત્ર અને રાજકીય વર્તુળોમાં આશ્ચર્ય ફેલાયું છે. મળેલાં મોટા ભાગનાં સૂચનોમાં બૂથ કે વોર્ડ બદલાવ સંબંધિત મુદ્દાઓ સામેલ છે.

મતદાર સુધારણા કાર્યક્રમ બાદ શહેરની મતદાર સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો થયો છે. 2021માં 32.88 લાખ મતદાર હતા, જે હવે ઘટીને 24.76 લાખ થયા છે.

બોગસ અથવા ભૂતિયા મતદારો દૂર કરવામાં આવ્યા હોવાને કારણે આ ઘટાડો થયો હોવાનું માનવામાં આવે છે. ઉપરાંત બૂથોની સંખ્યા પણ 3185માંથી ઘટીને 2587 થઈ છે. શહેરના 30માંથી 18 વોર્ડમાં 25 હજારથી વધુ મતદારોનો ઘટાડો નોંધાયો છે, ખાસ કરીને સૌરાષ્ટ્રવાસી વિસ્તારોમાં અસર વધુ જોવા મળી છે.

હવે મળેલા વાંધા-સૂચનોને ધ્યાનમાં રાખીને અંતિમ મતદાર યાદી જાહેર કરવામાં આવશે, જેના આધારે સુરત મનપાની ચૂંટણી યોજાશે.

# આજે મહાવીર જન્મકલ્યાણક

**સુરતમાં જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘની સાથે સાથે વિવિધ યુવક મંડળ અને ગ્રુપ દ્વારા અનેક કાર્યક્રમના આયોજનો**



સુરતઃ અહિંસાના અવતાર અને જૈન ધર્મના ૨૪માં તીર્થંકર ભગવાન મહાવીર સ્વામીના જન્મ કલ્યાણક મહોત્સવની આવતીકાલે સુરતમાં અભૂતપૂર્વ ઉત્સાહ અને ભક્તિભાવ સાથે ઉજવણી કરવામાં આવશે.

આ પ્રસંગે જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક યુવક મહા સંઘ દ્વારા સુરતની જનતા માટે ૧,૦૦,૦૦૦ શુદ્ધ ઘીના લાડુના વિતરણનો ભગીરથ સેવાયજ્ઞ આરંભવામાં આવ્યો છે, જે સમગ્ર સુરતને ભક્તિના રંગે રંગશે.આવતીકાલે સવારથી જ સુરતના જિનાલયો 'ત્રિશલા નંદન વીર કી, જય બોલો મહાવીર કી'ના નાદથી ગુંજી ઉઠશે. આ મહોત્સવની વિશેષતા એ છે કે, મહાવીર સ્વામીનો જન્મોત્સવ માત્ર જૈન સમાજ પૂરતો સીમિત ન રહેતા, સર્વસમાજ માટે મહોત્સવ બની રહે તે માટે જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક યુવક મહા સંઘ દ્વારા આવતીકાલે સવારે ૯.૩૦ કલાકે, સ્ટાર બજાર સર્કલ, પાલ, અને સવારે ૧૦.૦૦ કલાકે સરગમ શોપિંગ સેન્ટર, પાર્લે પોઈન્ટ, સુરત ખાતે જ્ઞાતિ-જાતિના કોઈ પણ ભેદભાવ વિના શુદ્ધ ઘીના લાડુનું વિતરણ કરીને નગરજનોના મ્હોં મીઠા કરાવવાનું આયોજન કરાયું છે.આ ધાર્મિક પ્રસંગે શહેરના વિવિધ રાજકીય મહાનુભાવો, સામાજિક અગ્રણીઓ, જૈન સમાજના શ્રેષ્ઠીઓ અને મોટી સંખ્યામાં શ્રાવક-શ્રાવિકાઓ ઉમટી પડશે.

શહેરના અલગ-અલગ વિસ્તારોમાં કાર્યરત વિવિધ યુવક મંડળો અને ગ્રુપો દ્વારા પણ મહાવીર જયંતી નિમિત્તે પ્રભાતફેરી, રક્તદાન કેમ્પ, જીવદયાના કાર્યો અને શોભાયાત્રાના આયોજનો કરવામાં આવશે. ભવ્ય આંગી અને રોશનીથી ઝળહળતા જિનાલયો ભક્તો માટે આકર્ષણનું કેન્દ્ર બનશે. આવતીકાલે સુરત શહેર સાચા અર્થમાં ભક્તિમય બની જશે. લાડુ વિતરણના આ વિરાટ આયોજન થકી પ્રેમ અને ભાઈચારાનો સંદેશ પ્રસરાવી સુરતના આંગણે ભગવાન મહાવીરના જન્મોત્સવની યાદગાર ઉજવણી સંપન્ન થશે. વિવિધ વિસ્તારોમાં આવેલી જૈન સોસાયટીઓ અને સંકુલમાં પણ સામૂહિક જમણવાર અને સાંસ્કૃતિક કાર્યક્રમો દ્વારા ભગવાનના સંદેશને ગુંજતો કરવામાં આવશે.

### વેસુ ખાતે ડો. મદનકુમારજીના સાંનિધ્યમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન

વેસુ ખાતે આચાર્ય મહાશ્રમણજીના સુશિષ્ય મુનિ ડો. મદન કુમારજીના સાંનિધ્યમાં પુણ્યભૂમિ એપાર્ટમેન્ટ, વેસુ ખાતે સવારે ૯:૧૫ કલાકે કાર્યક્રમ, સાધ્વી મધુબાલાજીના સાન્નિધ્યમાં સીટીલાઈટ વિસ્તારમાં વિશાળ રેલીનું આયોજન તથા તેરાપંથ ભવન, સિટીલાઈટ ખાતે સવારે ૯:૦૦ વાગ્યાથી પ્રવચન અને સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે. સાધ્વી પરમયશાજીના સાન્નિધ્યમાં તેરાપંથ ભવન, ચલથાણ ખાતે પણ ભગવાન મહાવીર જન્મ કલ્યાણક મહોત્સવ નિમિત્તે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

# મનપાનું વધુ એક કચરા કૌભાંડ? ડભોલીમાં રોજ કચરો સળગે છે

**રોજના ધુમાડાથી સ્થાનિક રહીશો પરેશાન; સ્વચ્છતા સરવેમાં નંબર જાળવી રાખવા લીપાપોતીનો આક્ષેપ**



સુરતઃ શહેરના ડભોલી વિસ્તારમાં કચરો ઉઠાવવાની વ્યવસ્થા નબળી પડતાં કચરાને ખુલ્લેઆમ સળગાવવામાં આવે છે, જેના કારણે આસપાસના વિસ્તારોમાં રહેતા લોકો ભારે પરેશાનીનો સામનો કરી રહ્યા છે.

ડભોલી ગામના મુખ્ય માર્ગો પર ભારે ધુમાડો ફેલાતાં લોકોમાં ગભરાટ ફેલાયો હતો. પ્રાથમિક દૃષ્ટિએ આગ જેવી સ્થિતિ લાગતી હતી, પરંતુ નજીક જઈ તપાસ કરતાં જાણવા મળ્યું કે એકઠો કરેલો કચરો જ સળગાવવામાં આવી રહ્યો છે. પવનના કારણે ધુમાડો આસપાસની સોસાયટીઓમાં ફેલાઈ જતાં વિઝિબિલિટી પણ ઘટી ગઈ હતી.

સ્થાનિક રહીશોનો આક્ષેપ છે કે, ડોર-ટુ-ડોર કચરો એકત્રિત કરતી ગાડીઓ નિયમિત આવતી નથી. જેના કારણે એકઠો થતો કચરો ડમ્પિંગ સાઇટ સુધી લઈ જવાની જગ્યાએ અહીં જ બાળી દેવામાં આવે છે. "તમે આજે જે ધુમાડો જોઈ રહ્યા છો, તે અમે રોજ જોઈએ છીએ," એમ એક રહેવાસીએ જણાવ્યું હતું. સોલિડ વેસ્ટ મેનેજમેન્ટના નિયમો મુજબ કચરો સળગાવવો ગુનો છે, છતાં આવી ઘટનાઓ તંત્રની કાર્યપદ્ધતિ પર ગંભીર સવાલો ઊભા કરે છે. હવે આ મામલે જવાબદાર સામે કાર્યવાહી થાય છે કે નહીં તે જોવું રહ્યું.

# 'પૈસા ભૂલી જા, ઉઘરાણી કરીશ તો ખોટા કેસમાં ફસાવી દઈશું'

**સચિન GIDCમાં જરી વેપારીને પિતા-પુત્રએ રૂપિયા 1.45 કરોડનો 'ચુનો' ચોપડ્યો**

સુરત : સચિન જીઆઈડીસી વિસ્તારમાં જરીના એક પ્રતિષ્ઠિત વેપારી પાસેથી લાખો રૂપિયાનો માલ ખરીદ્યા બાદ પેમેન્ટ ન ચુકવી પિતા-પુત્રની જોડીએ રૂપિયા 1.45 કરોડની ઠગાઈ કરી હતી.

સલાબતપુરા વિસ્તારમાં રહેતા અમિતભાઈ નગીનદાસ કાપડિયા સચિન જીઆઈડીસીમાં જરીનો વ્યવસાય કરે છે. ગત ફેબ્રુઆરી 2025 થી ડિસેમ્બર 2025 દરમિયાન સરથાણા વિસ્તારમાં રહેતા ભરત વિઠ્ઠલભાઈ ફિનાવીયા અને તેમના પિતા વિઠ્ઠલભાઈ ગોકુલભાઈ ફિનાવીયા (એન્જેલીય પોલીફીલ્સ ઈન્ડસ્ટ્રીઝ પ્રા. લિ.ના ડાયરેક્ટર્સ) એ અમિતભાઈ સાથે વિશ્વાસ કેળવીને કુલ રૂપિયા 1,89,25,552ની કિંમતનો માલ ખરીદ્યો હતો. શરૂઆતમાં થોડું પેમેન્ટ ચુકવ્યા બાદ બાકી નીકળતા રૂપિયા 1,22,75,946 ચુકવવામાં ઠાગાઠૈયા શરૂ કર્યા હતા. આ ઉપરાંત લેટ પેમેન્ટની ડેબિટ નોટ મળીને કુલ આંકડો રૂપિયા 1.45 કરોડ પર પહોંચ્યો હતો. ચોંકાવનારી બાબત એ છે કે, આરોપી પિતા-પુત્રએ માલ મળ્યાની પહોંચ તો આપી જ હતી, સાથે સાથે જીએસટી (GST) બિલનો ઉપયોગ કરી સરકારી તિજોરીમાંથી અંદાજે રૂપિયા 28.86 લાખની ઈનપુટ ટેક્સ ક્રેડિટ પણ મેળવી લીધી હતી. જ્યારે અમિતભાઈએ કડક ઉઘરાણી કરી ત્યારે આરોપીઓએ પતાવટના બહાને 15 જેટલા ચેક લખી આપ્યા હતા. જોકે, આ તમામ ચેક બેંકમાં જમા કરાવતા જ ખાતામાં પૂરતું બેલેન્સ ન હોવાને કારણે 'બાઉન્સ' થયા હતા.

છેતરપિંડીનો અહેસાસ થતા જ્યારે વેપારી પિતા-પુત્રને મળવા ગયા, ત્યારે આરોપીઓએ અસલી રંગ બતાવતા ધમકી આપી હતી કે, પૈસા ભૂલી જા, તારા જેવા ઘણાને મેં ફસાવ્યા છે. જો વધારે ઉઘરાણી કરીશ તો તને જ ખોટા કેસમાં ફસાવી દઈશું. ત્યારબાદ આરોપીઓએ રાતોરાત પોતાની ફેક્ટરી બંધ કરી દીધી હતી અને ફરાર થઈ ગયા હતા. હાલ સચિન જીઆઈડીસી પોલીસે આ મામલે વિશ્વાસઘાત અને છેતરપિંડીનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# 'ગાળ કેમ આપી' કહી પાડોશી યુવકને રહેંસી નાંખ્યો

**ગણતરીના કલાકોમાં જ બંગાળી હત્યારો અમરોલી પોલીસે પકડી પાડ્યો**

સુરતઃ અમરોલીની શ્રીરામનગર સોસાયટીમાં પાડોશમાં રહેતા શખ્સે ઉશ્કેરાઈ જઈ ૨૦ વર્ષીય યુવકના ખભાના અને પીઠના ભાગે છરાનો ઘા ઝીંકી દેતાં તેનું ટૂંકી સારવાર બાદ મોત નીપજ્યું હતું.

મૂળ ઉત્તર પ્રદેશના ગોંડા જિલ્લાના વતની અને હાલ અમરોલી શ્રીરામનગર સોસાયટીમાં રહેતા સૂરજ બાબુલાલ રાજપૂતે નોંધાવેલી ફરિયાદ અનુસાર, તેઓ એમ્બ્રોડરીના વ્યવસાય સાથે સંકળાયેલા છે. રવિવારે રાત્રે સાડા દસેક વાગ્યાના અરસામાં સૂરજ અને તેનો ૨૦ વર્ષીય ભાઈ મહેન્દ્રકુમાર નીચે ઉતરી પાડોશમાં પાણીપુરીવાળા સાથે વાતચીત કરી રહ્યા હતા. તે સમયે પાડોશમાં જ રહેતો સોયેબ ઉર્ફે બંગાળી ઉર્ફે અમન અકબર હુશેન હજારીકા ત્યાં આવી ચઢ્યો હતો અને વચ્ચે બોલવા લાગ્યો હતો.

મહેન્દ્રકુમારે તેને ઘરે જવાનું કહેતા સોયેબ ઉશ્કેરાઈ ગયો હતો અને ગાળાગાળી કરી ત્યાંથી જતો રહ્યો હતો. થોડી જ વારમાં સોયેબ તીક્ષ્ણ છરો લઈને પરત આવ્યો હતો અને તે મને ગાળ કેમ આપી? તેમ કહી મહેન્દ્રના ખભા અને પીઠના ભાગે જોરથી ઘા ઝીંકી દીધો હતો. સારવાર દરમિયાન તેનું મોત થતાં પોલીસે ગુનો નોંધીને આરોપી અમરોલી રીંગ રોડ પાસે છુપાયેલો હોવાની માહિતીને પગલે છટકું ગોઠવી સોયેબ ઉર્ફે બંગાળીને ઝડપી પાડ્યો હતો.

# શેરમાં 300 % નફાની લાલચમાં વેપારીએ ૫.૩૨ લાખ ગુમાવ્યા

**શરૂમાં નફો મળતાં વધુ રોકાણ કર્યું, વિડ્રો કરવા જતાં 2 લાખ માંગ્યા**

**છેતરાયા બાદ ગુગલ પર સર્ચ કરતાં ગઠિયાઓની ચાલબાજી ખબર પડી**

સુરતઃ અઠવાલાઈન્સમાં રહેતા અને જેમ્સ સ્ટોનનો વેપાર કરતાં એક યુવાન વેપારીને શેરબજારમાં ટૂંકા ગાળામાં ૩૦૦ ટકા જેટલો નફો મેળવવાની લાલચ આપી સાયબર ગઠિયાઓએ રૂ. ૫.૩૨ લાખ પડાવી લીધા હતા.

મળતી માહિતી મુજબ, જેમ્સ સ્ટોનનો વેપાર કરતાં મનલ્પ વિરેન્દ્રકુમાર શાહ (ઉં.વ.૩૨, રહે., પૂજા અભિષેક એપાર્ટમેન્ટ, અઠવાલાઈન્સ)ને ગત નવેમ્બર ૨૦૨૫માં તેમના ફેસબુક એકાઉન્ટ પર શેરબજારના રોકાણ અંગેની એક જાહેરાત આવી હતી. આ લિંક પર ક્લિક કરતાં જ તેઓ 'C205 Market Trenda (ARES)' નામના વોટ્સએપ ગ્રુપમાં જોડાઈ ગયા હતા. આ ગ્રુપમાં 'સરબરી સાહા' અને 'ઈશિકા' નામના એડમિન્સ દ્વારા શેરબજારની માહિતી આપી હતી. ગઠિયાઓએ વેપારીને 'Ares Diversified' નામની એક નકલી એપ્લિકેશન ડાઉનલોડ કરાવી હતી. શરૂઆતમાં વેપારીને નફો બતાવી કેટલીક રકમ વિડ્રો પણ કરવા દેવામાં આવી હતી. વિશ્વાસ વધતા વેપારીએ કુલ રૂ.૧૧.૭૦ લાખનું રોકાણ કર્યું હતું. તેમાંથી તેમણે રૂ. ૫.૭૫ લાખ વિડ્રો કર્યા હતા. જોકે, જ્યારે બાકીના રૂ.૫.૩૨ લાખ વિડ્રો કરવાનો પ્રયાસ કર્યો, ત્યારે ગઠિયાઓએ ૨૦ ટકા પ્રોફિટ શેરિંગ પેટે રૂ.૨ લાખ ભરવા માટે દબાણ કર્યું હતું. શંકા જતાં વેપારીએ ગુગલ પર તપાસ કરી તો આ પ્રકારની છેતરપિંડી થતી હોવાનું જાણવા મળ્યું હતું. અંતે, પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનું જણાતા મનલ્પ શાહે સાયબર હેલ્પલાઈન ૧૯૩૦ પર ફરિયાદ કરી હતી. શહેરના દૈનિક છાપાઓમાં છેલ્લા એક મહિનાથી સુરત સાયબર ક્રાઈમ પોલીસ આરોપી પકડાયા બાદ તરત ગુનો નોંધતી હોવાના અહેવાલ છપાયા બાદ ફરી એક વાર આવી છેતરપિંડીના ગુનામાં ચાર મહિના બાદ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

## ચેક રિટર્નના કેસમાં એક વર્ષની કેદની સજાનો હુકમ

સુરત : મેસર્સ આકાશ ગ્લાસ એન્ડ એન્યુમિલિયમના શંભુભાઈ જાસોલીયાએ કમલેશ સરૈયાને એલ્યુમિનિયમ સેક્શન, ગ્લાસનો માલ આપ્યો હતો. જેની સામે કમલેશ સરૈયાએ રૂપિયા 2.65 લાખના ચેક આપ્યા હતા. જે રિટર્ન થતાં શંભુભાઈ જાસોલીયાએ વકીલ કૃપા ખોડાભાઈ રવાણી દ્વારા કોર્ટમાં કેસ કરતાં કોર્ટે કમલેશ સરૈયાને દોષિત ઠેરવીને એક વર્ષની કેદની સજા તેમજ સાથે સાથે ચેકની પુરી રકમ 9 ટકા વ્યાજ સાથે વળતર તરીકે ચૂકવવાનો આદેશ કર્યો છે. જો રકમ ચૂકવવામાં આરોપી નિષ્ફળ જશે તો વધુ 4 માસની કેદ ભોગવવાની રહેશે. ઉલ્લેખનીય છે કે, હાલમાં ચેક રિટર્નના કેસો વધી રહ્યા છે અને તેને કારણે અદાલતો દ્વારા પણ આકરા હુકમો કરાઈ રહ્યા છે.

# ઉદ્ઘાટન પહેલા જ ગાર્ડનમાં તિરાડો

**ભેસ્તાનમાં મનપા દ્વારા રૂપિયા 3 કરોડના ખર્ચે રેલ ગાર્ડન બનાવવામાં આવ્યો છે**

**ઇજારદારને નોટિસ : થર્ડ પાર્ટી ઇન્સ્પેક્શન અને ટેક્નિકલ મોનિટરીંગમાં બેદરકારી દેખાઈ**



સુરત : ભેસ્તાનમાં સુરત મહાનગરપાલિકા દ્વારા અંદાજે 3 કરોડના ખર્ચે બનાવવામાં આવેલા રેલ ગાર્ડનમાં ઉદ્ઘાટન પહેલા જ બાંધકામની ગંભીર ખામીઓ સામે આવી છે. ગાર્ડનની દીવાલોમાં મસમોટી તિરાડો દેખાવા લાગી છે, જ્યારે પેવર બ્લોક્સ પણ પોતાની જગ્યાથી ઉખડી રહ્યા છે, જેને લઈને પ્રોજેક્ટની ગુણવત્તા પર પ્રશ્નચિહ્ન ઊભા થયા છે.

સ્થળ પર જોવા મળેલી સ્થિતિ મુજબ, ગાર્ડનની બાઉન્ડ્રી વોલ અને બેઠક વ્યવસ્થામાં ઊંડા ક્રેક્સ દેખાઈ રહ્યા છે. પેવર બ્લોક્સ એટલા નબળા છે કે હાથથી ખેંચતા પણ બહાર આવી જાય છે, જે જમીનના લેવલિંગ અને મટિરિયલની ગુણવત્તા પર સવાલ ઉભા કરે છે. સ્થાનિકોએ કોન્ટ્રાક્ટર પ્રકાશ.ટી. ખેર દ્વારા હલકી કક્ષાના મટિરિયલના ઉપયોગના આક્ષેપ સાથે મનપાના અધિકારીઓની બેદરકારી પર પણ આંગળી ઉઠાવી છે. સ્થાનિક રહીશો મુજબ, ગાર્ડનનું કામ સમયસર પૂર્ણ થયું નથી અને હાલની પરિસ્થિતિ મનપાના તંત્ર દ્વારા સુપરવિઝનમાં રખાયેલી બેદરકારી તરફ ઈશારો કરે છે. બીજી તરફ મનપાના અધિકારીઓએ જણાવ્યું હતું કે, તિરાડો અને બ્લોક્સ ખસી જવાની બાબતે કોન્ટ્રાક્ટરને નોટિસ આપવામાં આવી છે અને તાકીદે કામગીરી સુધારવા સૂચના આપવામાં આવી છે.

આ સમગ્ર મામલો મનપા અને કોન્ટ્રાક્ટરની કામગીરી પર સવાલો ઊભા કરી રહ્યો છે, ખાસ કરીને ત્યારે જ્યારે કરોડોના ખર્ચે બનેલા પ્રોજેક્ટમાં થર્ડ પાર્ટી ઈન્સ્પેક્શન અને ટેક્નિકલ મોનિટરીંગ હોવા છતાં આવી ખામીઓ સામે આવી છે.

# 19મીથી કોળી સમાજ પ્રિમીયર લીગ ક્રિકેટ ટુર્નામેન્ટનો પ્રારંભ

**ભીમરાડના ગાંધી મેદાન ખાતે પરિવર્તન ટ્રસ્ટ દ્વારા 'ધ્યેય દીપકભાઈ ઇજારદાર કપ' રમાશે**

**કોળી પટેલ સમાજની જ ૨૪ ટીમ વચ્ચે ડે-નાઈટ જંગ ખેલાશે, ફાઈનલ મેચ 30મીએ રમાશે**

સુરતઃ દક્ષિણ ગુજરાતના કાંઠા વિસ્તારના કોળી સમાજમાં એકતા અને ભાઈચારો મજબૂત કરવાના આશય સાથે 'કાંઠા વિભાગ યુવા કોળી સમાજ પરિવર્તન ટ્રસ્ટ' દ્વારા આગામી ૧૯મી મેથી ભીમરાડના ગાંધી મેદાન પર 'કોળી સમાજ પરિવર્તન પ્રિમીયર લીગ (KSPPL-3)'નું ભવ્ય આયોજન કરાયું છે. ટ્રસ્ટના પ્રમુખ પ્રકાશ કોન્ટ્રાક્ટરે જણાવ્યું કે, ધ્યેય દીપકભાઈ ઈજારદાર કપ હેઠળ રમાનારી આ ટુર્નામેન્ટમાં હજીરાથી સચિન સુધીનાં વિવિધ ગામોની ૨૪ ટીમ ભાગ લેશે.

આ ટુર્નામેન્ટ સંપૂર્ણપણે આઈપીએલની તર્જ પર ઓક્શન પ્રક્રિયા દ્વારા રમાશે, જેમાં ખેલાડીઓએ ૨૫ એપ્રિલ સુધીમાં રૂ.૨૦૦ની ફી સાથે ફોર્મ જમા કરાવવાના રહેશે. ડે-નાઈટ ફોર્મેટમાં રમાનારી ૮ ઓવરની આ મેચમાં ખેલાડીઓની પ્રતિભાની કસોટી થશે. ટુર્નામેન્ટની ફાઈનલ ૩૦ મેના રોજ રમાશે.

## સંક્ષિપ્ત સમાચાર

### સુરતના માતુશ્રી કાશીબા ગોટી ટ્રસ્ટ દ્વારા ઝીલીયા ખાતે કુમાર છાત્રાલયનું લોકાર્પણ




સુરતઃ એવો વિસ્તાર કે જ્યાં સરકારી સહાય પહોંચતી નથી તેવા વિસ્તારમાં ભવનો બનાવતા આચાર્ય વિનોબા ભાવેના સર્વોદયી વિચારોથી પ્રેરિત કર્મયોગી પરિવાર-સુરતના પુરુષાર્થથી અને માતુશ્રી કાશીબા હરિભાઈ ગોટી ચેરિટેબલ ટ્રસ્ટ-સુરત તેમજ શ્રીમતી લાભુબહેન મેઘજીભાઈ કાકડિયા પરિવારના સહયોગથી પાટણના ઝીલીયા ગામના ગાંધી આશ્રમ ખાતે નવનિર્મિત 'માતુશ્રી વિજુબેન પરશોત્તમભાઈ કાકડિયા કુમાર છાત્રાલય'નું લોકાર્પણ ગત તા.29મીના રોજ કરવામાં આવ્યું હતું. આ અવસરે કેશુભાઈ ગોટીએ જણાવ્યું હતું કે, "વાતોથી નહીં પણ વર્તનથી પરિવર્તન આવે છે. વંશવાદ, જ્ઞાતિવાદ અને સંપ્રદાયવાદથી પર રહીને રાષ્ટ્રભાવના મજબુત કરવી એ જ સાચો ધર્મ છે." ૯૦ વર્ષીય વયોવૃદ્ધ અને સેવાભાવી માલજીદાદા દેસાઈએ ટ્રસ્ટની કામગીરીને બિરદાવતા જણાવ્યું હતું કે, "મેં અનેક સંસ્થાઓ જોઈ છે, પણ કાશીબા ગોટી ટ્રસ્ટનું કાર્ય અનોખું છે''.

### સચિન GIDC નોટિફાઇડ બોર્ડના ચેરમેન તરીકે વિવર્સ અગ્રણી નિલેશ ગામીની વરણી



સુરતઃ 61મી નોટિફાઈડ બોર્ડની બેઠકમાં સચિન GIDC નોટિફાઈડ એરિયા ઓથોરીટીનાં ચેરમેન તરીકે વિવર્સ અગ્રણી અને સચિન ઇન્ડસ્ટ્રીયલ સોસાયટીના ઉપપ્રમુખ નિલેશ ગામીની વરણી કરવામાં આવી છે. તેઓ સોસાયટીના પ્રમુખ અને ઉપપ્રમુખ તરીકે બહોળો અનુભવ ધરાવે છે.GIDC ના વિકાસના કામો આયોજનપૂર્વક પૂર્ણ થાય એ માટે નિલેશ ગામીને સચિન ઇન્ડ .સોસાયટીના પ્રમુખ કિશોરભાઈ પટેલ, સેક્રેટરી મયૂર ગોળવાલા ડિરેક્ટર્સ ભીખુભાઈ નાકરાણી, ગૌરાંગ ચપટવાલા, વસંત લાખાણી, નીલેશ લીંબાસીયા, મનસુખ લાખાણી, ઉમેશભાઈ ડોબરિયા, ઉદ્યોગકાર બાવચંદ અંટાળા તથા કો.ઓપ્ટ સભ્યો રાકેશ કાપડીયા, હેમંતભાઈ અને રોહિતભાઈએ શુભેચ્છાઓ પાઠવી છે.

### SVNITના પૂર્વ વિદ્યાર્થી-પરિજનો દ્વારા 'રંગ બરસે' કાર્યક્રમ યોજાયો



સુરતઃ SVNITના ભૂતપુર્વ વિદ્યાર્થીઓના સંગઠન દ્વારા ગત તા.28મીના રોજ જીવનભારતીના રંગભવનમાં 'રંગ બરસે' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પૂર્વ વિદ્યાર્થીઓ અને તેમના પરિજનો દ્વારા 28 ગીતો રજૂ કરવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં 400થી વધુ લોકોની હાજરી રહી હતી. દિવ્યાંગ બાળકોને પણ આમંત્રિત કરવામાં આવ્યા હતા. જેમણે નૃત્યપ્રદર્શન કર્યું હતું. સંચાલન મેઘા મહેતા દ્વારા કરાયું હતું. જ્યારે વિડીયોગ્રાફી અને ફોટોગ્રાફી વિરેશભાઈ સુજનભાઈ અને મનન દ્વારા કરવામાં આવી હતી.

### સુરતના જાણીતા લેખક-કવિ રમેશ પટેલના લલિત નિબંધ સંગ્રહ 'શબ્દના ધબકારા'ને પારિતોષિક



સુરતઃ સુરતના જાણીતા લેખક કવિ રમેશ પટેલના લલિત નિબંધ સંગ્રહ 'શબ્દના ધબકારા'ને મુંબઇની સાહિત્ય સંસ્થા કલા ગુર્જરી દ્વારા 'ગીરા ગુર્જરી નિબંધ સંગ્રહ'નું પારિતોષિક પ્રાપ્ત થયું છે. મુંબઇના જાણીતા સાહિત્યકારો આ ઇનામ વિતરણના કાર્યક્રમમાં હાજર રહ્યા હતા. રમેશ પટેલને આ જ સંસ્થા તરફથી લલિત નિબંધ સંગ્રહનું આ બીજી વખત પારિતોષિક પ્રાપ્ત થયું છે.

### સુરત વેલફેર એસોસિએશન દ્વારા એઆઈ વિષય પર કાર્યક્રમ યોજાયો



સુરતઃ સુરત વેલફેર એસો. દ્વારા એઆઈ વિષય પર એક માહિતીપ્રદ અને સફળ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં પ્રખ્યાત એઆઈ વક્તા મીત દેસાઈએ ઉપસ્થિત સભ્યોને આધુનિક ટેક્નોલોજી અને એઆઈના ઉપયોગ વિશે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું. જ્યારે સરસ એન્કરિંગની જવાબદારી નયન ચોકસી દ્વારા નિભાવવામાં આવી હતી. આ પ્રસંગે એસો.ના સ્થાપક સ્થાપત્ય પ્રમુખ ભવનભાઈ, પ્રમુખ રિતેશભાઈ તથા ઉપપ્રમુખ પરેશભાઈ સહિત અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. સાથે સાથે અલગ અલગ વિસ્તારના એસો. તથા સુરતની આજુ બાજુના વિસ્તારના એસો. બારડોલી, નવસારી, વ્યારાના મેમ્બરે હાજરી આપી હતી.

### સોનીફળિયાની હનુમાન પોળમાં બીજી એપ્રિલે હનુમાન દાદાનો જન્મોત્સવ ઉજવાશે

સુરતઃ સુરતમાં સોની ફળિયા પાણીની ભીંત ચાર રસ્તે ખાતે હનુમાન પોળમાં સુખ શાંતિ હનુમાનદાદાનો જન્મોત્સવ આગામી તા. બીજી એપ્રિલના રોજ ગુરૂવારે ઉજવવામાં આવશે. આ જન્મોત્સવમાં ભંડારાનું પણ આયોજન કરાયું છે.

### શ્રી સુ મો વ સમસ્ત પંચ દ્વારા મહિલાઓ માટે સિવણ ક્લાસનું આયોજન

સુરતઃ શ્રી સુ મો વ સમસ્ત પંચ દ્વારા ન્યાતજાતના ભેદભાવ વિના મહિલાઓના ઉત્થાન માટે અનુભવી શિક્ષિકા શ્રીમતી પ્રીતિ શાહ દ્વારા શ્રેયસ, લીમડા ચોક, ઘંટી શેરી સુરત ખાતે મહિલાઓને તાલીમ આપવા માટેનું આયોજન કરવામાં આવ્યું છે. આ તાલીમમાં જોડાવવા માટે ઈચ્છનારે આ સિવણ ક્લાસના કન્વીનર ભાનુબેન લાપસીવાળા અથવા પ્રીતિબેન શાહનો સોમવારથી શુક્રવાર દરમિયાન બપોરે બે થી પાંચના સમયે સંપર્ક કરવા માટે એક યાદીમાં જણાવવામાં આવ્યું છે.